# ઉપાસના જીવનની અનિવાર્ય આવશ્યકતા

— શ્રીરામ શર્મા આચાર્ય

# આપણે ઈશ્વરથી વિમુખ થવું જોઈએ નહિ

જીવનની ગાડી સારી રીતે ચાલતી રહે તે માટે એક એવા સાથીની જરૂર પડે છે કે જે આપણને મંજિલ સુધીનો રસ્તો બતાવે, પ્રેમ કરે, સલાહ આપે અને શક્તિ આપે. આવો સાથી મળી જતાં જિંદગીની લાંબી મંજિલ ઘણી હસી-ખુશી તથા સુવિધા સાથે પૂરી થઈ જાય છે. કોઈ સાથી-સહયોગી વગર તો આટલો લાંબો રસ્તો પાર કરવો બહુ મુશ્કેલ કામ છે.

આવો સાથી જે મિત્ર, સેવક, ગુરુ, સહાયકની જેમ સતત સાથે રહે અને બદલામાં કંઈ પણ ન માગે તે માત્ર ઈશ્વર જ છે, જેને જીવન સાથી બનાવી લેવાથી યાત્રા એટલી મંગળમય બની જાય છે કે આ ધરતી સ્વર્ગ જેવી લાગવા માંડે છે. એમ તો ઈશ્વર સૌની સાથે છે અને તે સૌને મદદ પણ કરે છે, પરંતુ જેઓ તેને જુએ છે અને સમજે છે, તેમને જ સાચો લાભ મળે છે. કોઈના ઘરમાં સોનું દાટેલું હોય, પરંતુ જો ખબર ન હોય કે આપણા ઘરમાં આટલું સોનું દાટેલું છે તો તે પોતાને ગરીબ અનુભવ કરશે, પરંતુ જો તેની ખબર પડી જાય તો તેને અમીરીનો અનુભવ થશે. ઈશ્વરને ભૂલી જવાથી એકલાપણું લાગે છે, પરંતુ જ્યારે તેને પોતાના રોમરોમમાં સમાએલો, અખૂટ પ્રેમ, સહયોગ વરસાવતો અનુભવ કરીએ છીએ તો આપણું સાહસ અનેકગણું વધી જાય છે. આપણું હૃદય આશા અને વિશ્વાસથી દરેક પળે ભરેલું રહે છે.

જે ઈશ્વરને ભૂલી પોતાની મેળે જ બધું કરે છે અને વિચારે છે, તેને જિંદગી બહુ કઠિન લાગે છે. આટલું વજન ઉઠાવીને ચાલવામાં તેના પગ ડગમગવા લાગે છે. કઠણાઈઓ સામે આવતાં ભય અને આશંકાથી તેનું

કલેજું ધક ધક કરવા લાગે છે. જરૂરી સાધન ન મળતાં ભવિષ્ય અંધકારમય દેખાવા લાગે છે, પરંતુ જેને ઈશ્વર પર વિશ્વાસ છે તે સદા એ જ અનુભવ કરશે કે કોઈ મોટી શક્તિ મારી સાથે છે. જ્યાં પોતાનું બળ કામ નહિ લાગે ત્યાં તેનું બળ મળશે. જ્યાં પોતાનાં સાધન ઓછાં પડી રહ્યાં હશે, ત્યાં તેનાં સાધન મળશે. આ સંસારમાં ડગલે ને પગલે પ્રાણઘાતક સંકટ અને આપત્તિઓના પર્વત મોજૂદ છે, જે તેમનાથી અત્યાર સુધી આપણું રક્ષણ કરી રહ્યો છે તે આગળ કેમ નહિ કરે ?

અત્યાર સુધીના જીવન પર આપણે નજર નાખીએ તો એવા ઢગલાબંધ પ્રસંગ યાદ આવશે જ્યારે ચારેય બાજુ ગાઢ અંધકાર હતો અને લાગતું હતું કે નાવ હમણાં ડૂબી જશે, પરંતુ સ્થિતિ બદલાઈ, વિનાશનાં વાદળો દૂર થયાં અને સુરક્ષાનાં સાધન મળી ગયાં. લોકો એવું સમજે છે કે આ બધું આકસ્મિક બની ગયું, પરંતુ હકીકત એ છે કે સમય સમય પર આપણને દૈવી સહાયતા મળે છે અને પોતાની પાસે સાધન ઓછાં હોવા છતાં કોઈ મોટી શક્તિ મદદ કરવા માટે આવી પહોંચે છે. જો આપણે પોતાના જીવન પર નજર નાખીએ તો દૈવી સહાયતાના અગણિત અવસર શોધી શકીએ છીએ. ઈશ્વરની કૃપા આપણા પર સતત વરસતી અનુભવી શકીએ છીએ.

અત્યાર સુધી સમય-સમય પર જેણે આપણને મદદ કરી, અનેક મુશ્કેલીઓમાંથી ઉગાર્યા, તેણે જન્મ લેતા પહેલાં જ હર ઘડી ગરમ, મીઠા અને તાજા દૂધના બે ડબ્બા તૈયાર કરી મૂકી દીધા હતા. માતાના રૂપમાં ધોબણ, ભંગીયણ, દાકતર, નર્સ, દાયણ તથા મનમાન્યો ખર્ચ અને પ્રેમ કરનારી ચોવીસ કલાકની, પગાર વગરની સેવિકા નિયુક્ત કરી રાખી હતી. દરેક પ્રસંગે જેની મદદ મળતી રહી છે, તે આગળ પણ મળશે જ અને પોતાનું ભવિષ્ય ઉજજવળ બનશે જ, આટલો વિશ્વાસ કરનારો વ્યક્તિ ક્યારેય નિરાશ થઈ શકતો નથી. તેની હિંમત ક્યારેય તૂટી શકતી નથી.

આસ્તિકતાના આધાર પર આપણી હિંમત વધે છે અને સાહસિક શૂરવીરો જેવું આપણું કલેજું રહે છે.

એવા લોકો જ વધારે ગભરાય છે કે જેમને ઈશ્વરનો ડર હોતો નથી. જે ઈશ્વરથી ડરે છે, તેના આદેશોનું ઉલ્લંઘન કરતો નથી, તેને આ સંસારમાં કોઈની બીક રહેતી નથી. સંસારની દરેક વસ્તુથી ડરવા અને શંકાશીલ રહેવાનું એક જ કારણ છે-ઈશ્વરની અવગણના કરવી, તેનો ડર ન રાખવો. જેઓ આવું કરતા નથી, તેમને પોતાનો મિત્ર, સહાયક અને માર્ગદર્શક માને છે તેને સૌથી પહેલો ઉપહાર નિર્ભયતાના રૂપમાં મળે છે. પછી એમને કોઈનાથી ય ડરવું પડતું નથી. કઠણાઈઓ તેમને રમત જેવી દેખાય છે. ખરેખર આ પુણ્ય ઉપવન સંસારમાં ડરવાનું ક્યાંય કોઈ કારણ નથી. કાગળનું બિહામણું મોં પહેરીને નાના બાળકોને ડરાવવાનો વિનોદ કરવામાં આવે છે, તેવો જ વિનોદ કઠણાઈઓ બતાવી આપણી સાથે કરવામાં આવે છે.

પિતા પોતાના બાળકને તલવાર ઉઘામી ડરાવવા માગે તો બાળક તેનાથી ગભરાય છે ખરૂ ? ઈશ્વરના હાથમાં આ સંસારની કમાન છે. જોવા મળતી કઠણાઈઓ ભલે તલવારની જેમ ચમકતી હોય, પરંતુ તેનો હાથો તો પોતાના પરમ સ્નેહીના હાથમાં છે, પછી ડરવાની શી જરૂર ? ઈશ્વર પર ભરોસો રાખનારા આ રીતનું જ વિચારે છે. તેઓ નાની મોટી મુશ્કેલીઓનો ગભરાયા વગર હિંમતથી સામનો કરે છે.

જેણે ઈશ્વરને પિતા-માતા, સ્વામી-સખા, ભાઈ-મિત્ર, પરિજન અને ધન-દોલત માની લીધો છે તેનો આત્મ વિશ્વાસ મોટામાં મોટા અમીર, રાજા-ધિરાજ કરતાં પણ વધારે હશે. રાજા, અમીરનો પુત્ર પોતાના પિતાની જરાઅમથી શક્તિ અને સંપત્તિ પર ગર્વ કરી શકે છે તો અનંત સામર્થ્યો અને અસીમ વિભૂતિઓના સ્વામી ઈશ્વરને જે પોતાના પિતા માનશે તેને આ સંસારમાં ફેલાએલું બધું જ પોતાનું લાગશે. આટલો અખૂટ વૈભવ

આપણો અને આપણા પિતાનો જ છે, તો દરિદ્રતા અને ગરીબીની વાત વિચારવાનો પ્રશ્ન જ ઉઠતો નથી. ગરીબ તો તેઓ જ છે કે જેઓ પોતાની જ સંપત્તિને પોતાની માને છે. ઈશ્વરને પોતાનાથી અલગ, દૂર માનનારાઓને જ ગરીબી દુ:ખ આપે છે અને એમને જ તૃષ્ણા સતાવે છે.

ગાડી બે પૈડાંથી ચાલે છે. ગાડીમાં એક પૈડું આપણું અને એક ઈશ્વરનું લગાવી લઈએ તો જે ગતિ આવે છે તે એક પૈડાથી આવતી નથી. ઈશ્વર વગરનું જીવન શરીર વગરના પ્રેત-પિશાચની યોનિમાં વિચરણ કરનારા આત્મા જેવું છે. તેને શાંતિ મળતી નથી. અસંતોષ, દ્વેષ, ક્લેશ એમને સતાવે છે. પરમાત્માથી વિમુખ થઇ આપણે મેળવતા કશું જ નથી, ગુમાવીએ છીએ વધારે. સમય પહેલાં આ ભૂલ સુધારી લેવામાં આવે તો સારું.

## ઈશ્વર ઉપાસના કેમ જરૂરી છે ?

સમડી પોતાનો શિકાર શોધવા માટે આકાશમાં ઊંચે સુધી પહોંચી જાય છે અને એક નિશ્ચિત ગોળાઈમાં ચક્કર મારવાનું શરૂ કરે છે. ત્યાંથી વધારે દૂરની વસ્તુઓ જોવામાં સુવિધા રહે છે. સમડી ત્યાંથી પોતાનો શિકાર જોઇ લે છે અને તુરંત જમીન પર આવીને તેને પકડી લે છે.

સમડી આ કામ જમીન યા કોઇ ઝાડ પર બેસીને પણ કરી શકતી હતી, પરંતુ ત્યાંથી બહુ થોડી જગ્યાની જ વસ્તુઓ જોઇ શકાય છે. નાની જગ્યામાં કોઇ શિકાર મળે યા ન મળે એ શંકાથી બચવા માટે જ તે આકાશમાં ઊંચે સુધી પહોંચી જઇ પોતાનો શિકાર શોધી લે છે.

મનુષ્યની સ્થિતિ પણ કંઇક આવી જ છે. પોતાની આસપાસની વસ્તુઓને તે સ્થૂળ આંખ અને વિવેકથી પારખે છે, તેથી પોતાના જીવનના ઉદ્દેશ્યને સમજી શકતો નથી. જીવનોદ્દેશ્યથી અપરિચિત વ્યક્તિની રહેણી-કરણી અને વિચાર-વ્યવહાર પણ મોટેભાગે અસ્તવ્યસ્ત હોય છે. જે મનુષ્યે સાચા લક્ષ્યનું જ્ઞાન ન મેળવ્યું હોય તેનું જીવન વ્યર્થ જ સમજવું જોઇએ.

ઈશ્વર ઉપાસનાથી મનુષ્ય એ સ્થિતિએ પહોંચી જાય છે, જયાંથી તે

વધારે ઝીણવટ, દૂરદર્શિતા તથા વિવેકપૂર્વક સંસાર અને તેની પરિસ્થિતિઓનું નિરીક્ષણ કરે છે. પોતાના જ અહંકાર સાથે સંસારની તુલના કરવાથી મનુષ્યના દરેક કામમાં સંકીર્ણતા આવે છે અને તેના કારણે આત્મા પોતાની વિશાળતાનો, પોતાની શક્તિ અને સામર્થ્યનો આનંદ લઇ શકતો નથી, અને તે અન્ય જીવજંતુની જેમ તુચ્છ રહે છે. આત્માના સાચા સ્વરૂપના જ્ઞાન માટે એ ઊંચાઇ જરૂરી છે કે જે ઇશ્વર ઉપાસનાથી પ્રાપ્ત થાય છે. સાચા લક્ષ્યનું જ્ઞાન એ સ્થિતિનું વારંવાર મનન કર્યા વગર પ્રાપ્ત થતું નથી.

કોઇ વ્યક્તિ જ્યારે ઇશ્વર ઉપાસના માટે તૈયાર થાય છે તો તે એ આધારને લઇને ચાલે છે કે આ સંસારની કોઇ મુખ્ય નિયામક શક્તિ અવશ્ય હોવી જોઇએ. દરેક વસ્તુનો કોઇને કોઇ રચયિતા હોય છે, તો વિશ્વનો સર્જનકર્તા પણ કોઇ અવશ્ય હશે. જ્યારે આવી માન્યતા અંતઃકરણમાં ઉદય પામે છે તો તરત જ મનુષ્યના વિચારવાના ઢંગમાં પરિવર્તન આવવા લાગે છે. અત્યાર સુધી જે વસ્તુઓ તેને સામાન્ય લાગતી હતી, હવે તેમાં તેને જ્ઞાનનો ભંડાર ભરેલો દેખાવા લાગે છે. આ રીતે મનુષ્યનું જ્ઞાન વિકસિત થાય છે અને વિશ્વના સાચા સ્વરૂપને જાણવાની તાલાવેલી જાગે છે. એ બંને વાતો મનુષ્યના સાચા લક્ષ્યની પસંદગી માટે જરૂરી હતી. બંને ઇશ્વર ઉપાસનાથી મળે છે.

ઉદાહરણ માટે સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, સાગર, નદીઓ, પહાડ વગેરે કુદરતી વસ્તુઓ જેને સામાન્ય મનુષ્ય સામાન્ય નજરે જુએ છે, જ્યારે ઇશ્વર ઉપાસક તેને વિરાટ રૂપમાં જુએ છે, ત્યારે તે વિચારે છે કે આટલો મોટો સંસાર બનાવી શક્યા એ પદાર્થ શું છે ? આ શરીર ક્યાંથી આવ્યું અને તેને અંદર રહેનારા અહંકારનું સ્વરૂપ શું છે ? ઉપાસનાનું સ્તર જેટલું વિકસિત થાય છે ગૂઢ પ્રશ્નો એટલા જ પ્રમાણમાં પ્રકટ થાય છે. વિચાર કરવાની ક્ષમતા પણ એટલા જ પ્રમાણમાં વધે છે અને ત્યારે મનુષ્ય નિશ્ચિત રૂપથી

પોતાના જીવનના ઉદ્દેશ્યની સમીપતા તરફ બહુ ઝડપથી આગળ વધવા લાગે છે.

સાધારણ વ્યક્તિ આ સંસારના ભૌતિક પદાર્થોમાં સુખ શોધે છે. જ્ઞાનનું એમની દૃષ્ટિમાં કોઇ મહત્ત્વ હોતું નથી, પરંતુ તેનાથી મનુષ્ય જીવનમાં વિકાર પેદા થાય છે, બુરાઇઓ આવે છે, કઠણાઇઓ વધે છે. જ્યાં સુધી મનુષ્ય ભૌતિક સુખમાં ભટકે છે, ત્યાં સુધી તે મુશ્કેલીઓ વધારે છે. તેને એટલું જ્ઞાન હોતું નથી કે સુખ અને દુ:ખમાં ફરક શું છે ? સુખ સમજીને ભોગવવામાં આવતા ભોગ અને ઈન્દ્રિયો જ જ્યારે મનુષ્યના મૃત્યુનું કારણ બની જાય છે ત્યારે ખબર પડે છે કે આત્મ-અજ્ઞાનતાના કારણે જ આ સ્થિતિ આવી અને તેના નિરાકરણનો એક જ ઉપાય છે-ઇશ્વર ઉપાસના, કે જ્યાંથી જ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે.

ઇશ્વર ઉપાસનાથી મનુષ્યમાં વિવેક બુદ્ધિ જાગૃત થાય છે અને પછી તે સંસારની ક્ષુદ્ર વાસનાઓથી બચવાનો પ્રયત્ન કરે છે. સચ્ચાઇનો અનુભવ કર્યા વગર સુખ ક્યાં ? અજ્ઞાનને તો મનુષ્યના દુ:ખનું જ કારણ બતાવવામાં આવ્યું છે.

પોતાની આંખથી પોતાની આંખ જોવી સંભવ નથી. જ્યારે કોઇ જરૂર પડે છે ત્યારે આપણે અરીસો શોધીએ છીએ અને તેના માધ્યમથી આંખની સ્થિતિ જોઇએ છીએ. આ રીતે મનુષ્ય પોતાની અંદર બેસી પોતાની સ્થિતિનું સાચું અનુમાન લગાવી શકતો નથી. માત્ર પોતાની જ જાણકારી મેળવી લેવી પર્યાપ્ત નથી, આજુબાજુની વસ્તુઓ, એ પરિસ્થિતિઓ કે જેનાથી મનુષ્ય દરેક ક્ષણે પ્રભાવિત થાય છે, તેની જાણકારી મેળવવી પણ જરૂરી છે. એ બધાની જાણકારી મેળવવા માટે સૌથી ઊંચી જગ્યાએ બેસવું જરૂરી છે. એ સ્થિતિ બ્રહ્મ જ હોઇ શકે છે. બ્રહ્મની અનુભૂતિની સાથેસાથે જ સંસારના સાચા જ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે.

ઇશ્વર ઉપાસનાનો અર્થ છે-પોતાનો વિકાસ. સમડીની જેમ ઉપર

જઇને પોતાના નિરીક્ષણ ક્ષેત્રને વિસ્તૃત કરવું જોઇએ. જે જેટલી ઊંચાઇ પર જઇને જુએ છે તેને એટલો જ દૂરદર્શી, વિવેકવાન સમજવામાં આવે છે. બધી જ વસ્તુઓની સ્થિતિની સાચી જાણકારી મળી ગયા પછી સાચા-ખોટાની પસંદગીમાં કોઇ મુશ્કેલી પડતી નથી. આ પ્રકારનું જ્ઞાન પેદા થયા વગર મનુષ્ય પોતાની જિંદગી સુખપૂર્વક વિતાવી શકતો નથી.

સામાન્ય રીતે મનુષ્ય શરીરને જ સર્વસ્વ માને છે અને આખું જીવન આ શરીરની ઈન્દ્રિય ભૂખને શાંત કરવામાં જ વિતાવી દે છે. તેનાથી લૌકિક આવશ્યકતા ભલે અમુક અંશે પૂરી થતી હોય, પરંતુ પરલોક સુધરતો નથી. પરલોકની માન્યતાઓ બિલકુલ પાયા વગરની છે એવું પણ કહી શકાય નહિ. વિજ્ઞાન સાબિત કરી રહ્યું છે કે અન્ય ગ્રહોમાં પણ જીવન સંભવ છે. આવી સ્થિતિમાં સ્વર્ગ અને નરકની કલ્પનાનો પણ કોઇ આધાર હોવો જોઇએ. આ આધારભૂત જ્ઞાન માટે લૌકિક જીવન જ પર્યાપ્ત નથી, પરંતુ પોતાની અંદરના ચેતન તત્ત્વ પર દૃષ્ટિ નાખવી પણ જરૂરી છે. આ આંતરિક ચેતના માટે બ્રહ્મ દર્પણ છે. ઈશ્વરની માન્યતામાં વ્યક્તિ પોતાની જાતને સમજવાનો પ્રયત્ન કરે છે અને તેના સહારે પરલૌકિક જીવનનું પણ જ્ઞાન પ્રાપ્ત કરે છે.

પરમાત્મા સાથે સંબંધ જોડવો તે આત્માને વિશાળ બનાવવાની પ્રક્રિયા છે. અહંકાર દૂર કર્યા વગર મનુષ્યનું પરલૌકિક હિત સધાતું નથી. મનુષ્ય જ્યારે પોતાની જાતને ભૂલી જાય છે, ત્યારે તે આખા વિશ્વને આત્મ સ્વરૂપમાં જોવા લાગે છે. બધાં તેને પોતાનાં જ જુદાંજુદાં રૂપ દેખાય છે. જ્યારે સૌ પોતાનાં હશે તો પછી તે કોઇની સાથે ન તો છળ કરશે, ન કપટ, ન ક્રોધ આવશે, ન બદલાની ભાવના. સૌના સુખમાં તેને સુખ મળશે. સૌ વ્હાલાં બનશે, સૌ પોતાના સંબંધી જેવાં લાગશે.

આ આંતરિક વિશાળતામાં જ જીવાત્માને સાચો આનંદ, સાચો

સંતોષ અને સાચી તૃપ્તિ મળે છે. આ સ્થિતિ પ્રાપ્ત કરીને મનુષ્યનું જીવન સફળ બની જાય છે. મનુષ્ય આનંદમાંથી જન્મ્યો હતો, પરંતુ વચમાં રસ્તો ભૂલી જવાના કારણે તે દુઃખોમાં સપડાઇ ગયો. હવે ફરીથી તેને સાચા રસ્તા પર આવવું પડશે. પરમાત્મા સંપૂર્ણ સૃષ્ટિનું મૂળ છે. તેને માનવાથી જ આંતરિક તૃષા શાંત થાય છે, સંતોષ મળે છે અને સદગતિ પ્રાપ્ત થાય છે. પરમાત્માની શરણમાં ગયા વગર મનુષ્ય જીવન જેવો અમૂલ્ય અવસર પણ બેકાર જાય છે.

## ઉપાસના અનિવાર્ય છે અને આવશ્યક પણ

આ સંસારમાં જે કંઇ શુભ છે, શ્રેષ્ઠ છે, મંગળમય છે–તે બધો પરમાત્માનો જ વૈભવ છે. ગીતામાં પોતાની વિભૂતિઓનું વર્ણન કરતાં બતાવવામાં આવ્યું છે કે જે કંઇ સંસારમાં શ્રેષ્ઠ દેખાય છે તેને ભગવાનની જ વિભૂતિ કહેવી જોઇએ.

આપણે પરમાત્માની જેટલા વધારે નજીક જઇએ છીએ, એટલી જ વધારે શ્રેષ્ઠતાઓ આપણા અંતઃકરણમાં પેદા થાય છે, વધે છે. એટલા જ પ્રમાણમાં આંતરિક શક્તિ પણ વધે છે.

હિમાલયની ઠંડી હવા એ લોકોને વધારે ઠંડક આપે છે કે જેઓ એ ક્ષેત્રમાં રહે છે. એ જ પ્રમાણે ગરમ ભઠ્ઠીઓ પાસે કામ કરનારાઓને વધારે ગરમીનો અનુભવ થાય છે. જીવ જેમ જેમ પરમાત્માની નજીક જાય છે, તેમતેમ તેની વિભૂતિઓનો પોતાનામાં અનુભવ થવા લાગે છે.

ઉપાસનાનો અર્થ છે–પાસે બેસવું. પરમાત્મા પાસે બેસવાથી જ ઇશ્વરની ઉપાસના થઇ શકે છે. સાધારણ વસ્તુઓ તથા પ્રાણી પોતાની વિશેષતાઓની છાપ બીજા પર છોડે છે, તો પરમાત્મા પાસે બેસનારાઓ પર એ દૈવી વિશેષતાઓનો પ્રભાવ કેમ ન પડે?

બગીચામાં જતાં જ ફૂલોની સુગંધથી મન પ્રસન્ન થઇ જાય છે. ચંદનનાં ઝાડ પોતાની આસપાસનાં અન્ય ઝાડી–ઝાંખરાંને પણ સુગંધિત

બનાવે છે. સજ્જનોના સત્સંગથી સાધારણ વ્યક્તિઓની મનોભાવના સુધરે છે, પછી પરમાત્માની વિશેષતાનો પ્રભાવ તેની પાસે બેસનારાઓ પર કેમ ન પડે ?

ગરમ લોખંડના ટુકડા સાથે લોખંડનો ઠંડો ટુકડો બાંધી દેવામાં આવે તો ગરમ લોઢાની ગરમી ઠંડા લોઢામાં જવા લાગે છે અને થોડીવારમાં બંનેનું તાપમાન એકસરખું થઇ જાય છે. બે તળાવ જ્યાં સુધી જુદાંજુદાં હોય છે, ત્યાં સુધી બંને તળાવોના પાણીની સપાટી જુદીજુદી રહે છે, પરંતુ જ્યારે વચ્ચે નીક ખોદીને બંનેને જોડી દેવામાં આવે છે તો વધારે પાણીવાળા તળાવનું પાણી ઓછા પાણી વાળા તળાવમાં આવી જાય છે અને ધીરે ધીરે બંનેની સપાટી સમાન થઇ જાય છે.

તળાવોનું મળવું યા ગરમ-ઠંડા લોખંડનું પરસ્પર મળવું જે રીતે એકરૂપતાની સ્થિતિ પેદા કરે છે, તે રીતે ઉપાસના દ્વારા આત્મા અને પરમાત્માનું મિલન થતાં જીવમાં દૈવી ગુણોનો બહુ ઝડપથી વિકાસ થવા લાગે છે.

કયા વ્યક્તિની ઉપાસના સાચી છે અને કોની જૂઠી, તેની એક જ પરીક્ષા છે કે સાધકના અંતરાત્મામાં સંતોષ, પ્રફુલ્લતા, આશા, વિશ્વાસ અને સદભભાવના કેટલી માત્રામાં પેદા થઇ. જો આ ગુણો ન આવ્યા હોય અને તે હીન વૃત્તિઓથી ઘેરાએલો હોય તો સમજવું જોઇએ કે તે વ્યક્તિ પૂજા-પાઠ ભલે ગમે તેટલો કેમ ન કરતો હોય, ઉપાસનાથી હજી દૂર છે.

પૂજા-પાઠ અલગ વાત છે ઉપાસના અલગ. ઉપાસના માટે પૂજા-પાઠ, કર્મકાંડની ચિન્હપૂજા કરતા-રહેવા માત્રથી ઉપાસનાનો ઉદ્દેશ્ય પૂરો થઇ શકતો નથી. જીવને જીવન ધારણ કરવા માટે શરીરની જરૂર હોય છે, પરંતુ શરીર જ જીવન નથી. જીવ વગરનું શરીર જોઇ તો શકાય છે, પરંતુ તેનો કોઇ લાભ નથી. આ રીતે ઉપાસના વગરની પૂજા થાય છે તો ખરી, પરંતુ તેનાથી કોઇ ફાયદો થતો નથી.

આત્મા જ્યારે પરમાત્માના ખોળામાં બેસે છે, તો તેને પ્રભુની સહજ કરૂણા અને અનુકંપાનો લાભ મળે છે. તેને તુરંત નિર્ભયતા અને નિશ્ચિંતતાની પ્રાપ્તિ થાય છે. નુકસાન, રોગ, શોક, વિયોગ, ચિંતા, નિષ્ફ‍ળતા અને વિરોધની મુશ્કેલ સ્થિતિઓમાં પણ તેને વિચલિત થવાની જરૂર પડતી નથી. તેને આ પ્રતિકૂળતાઓમાં પણ પોતાનું હિત છુપાએલું જણાય છે. વસ્તુતઃ દુ:ખ આપણી ભૂલોનું શોધન અને પુરુષાર્થને વધારવા માટે જ આવે છે. આળસ, પ્રમાદ, અહંકારને દૂર કરવાનો જ પ્રતિકૂળતાઓનો ઉદ્દેશ્ય હોય છે. સાચા આસ્તિકને પોતાના પ્રિય પરમેશ્વર પર સાચી આસ્થા હોય છે અને તે અનુકૂળતાઓની જેમ પ્રતિકૂળતાઓનું પણ ખુલ્લા હૃદયથી સ્વાગત કરે છે.

માતા પોતાના બાળકને મીઠાઇ પણ ખવડાવે છે અને જરૂર પડતાં કડવી દવા પણ ખવડાવે છે.ખોળામાં સુવડાવી રમાડે છે પણ ખરી અને જરૂર જણાતાં ડાક્ટર પાસે ઈંજેકશન મૂકાવવા યા આદપરેશન કરાવવા માટે પણ લઇ જાય છે. માતાની દરેક ક્રિયા બાળકના કલ્યાણ માટે હોય છે. પરમાત્માની મમતા જીવ પ્રત્યે માતા કરતાં પણ વધારે છે. પ્રતિકૂળતાઓ ઉત્પન્ન કરવા પાછળ તેની ઉપેક્ષા યા નિષ્ઠુરતા નહિ, પરંતુ હિત–કામના જ છુપાએલી રહે છે.

માત્ર પોતાની મુશ્કેલીઓ દૂર કરવા માટે, પોતાની સુવિધાઓ વધારવા માટે જેઓ પ્રાર્થના–પૂજા કરતા રહે છે, તેઓ ઉપાસનાના તત્ત્વજ્ઞાનથી હજી ઘણા પાછળ છે. એમને એ બાળકોમાં ગણવા જોઇએ કે જેઓ પ્રસાદની લાલચમાં મંદિરમાં પહોંચી જાય છે. આવા લોકોને એ આનંદ ક્યાં મળે છે કે જે આનંદ ભક્તિ રસમાં ડૂબેલા એક ભાવનાશીલ આસ્તિકને પરમેશ્વર આગળ પોતાનું હૃદય ખોલવા અને મસ્તક ઝૂકાવવામાં મળે છે. પ્રભુનાં ચરણોમાં પોતાના અંતરાત્માને અર્પણ કરનારા ભાવવિભોર ભક્ત અને પ્રસાદની મીઠાઇ લેવાના ઉદ્દેશ્યથી પંક્તિમાં ઊભેલા ભીખારીમાં જે ફરક

હોય છે, એ જ ફરક સાચા અને જૂઠા ઉપાસકોમાં હોય છે. એકનો ઉદ્દેશ્ય પરમાર્થ છે, બીજાનો સ્વાર્થ. સ્વાર્થીને ક્યારેય સન્માન મળતું નથી. પરમાત્માની દૃષ્ટિમાં પણ આવા લોકોની શું કિંમત હશે ?

લુહાર પોતાની દુકાન પર લોખંડના ટુકડામાંથી જુદી જુદી વસ્તુઓ બનાવતો રહે છે. એ ટુકડાઓને ક્યારેક ભઠ્ઠીમાં તપાવે છે, તો ક્યારેક પાણીમાં નાખી ઠંડા કરી લે છે. આ વિસંગતિ જોઇને કોઇ ભોળો મનુષ્ય મુઝવણમાં પડી શકે છે કે લુહાર આવું કેમ કરતો હશે ? પરંતુ એ કારીગર જાણે છે કે લોખંડના ટુકડાને કોઇ આકાર આપવા માટે ગરમ-ઠંડો કરવો જરૂરી છે. મનુષ્યના જીવનમાં પણ સુખ-દુઃખના તડકા-છાંયડાનું પોતપોતાનું મહત્ત્વ છે. જો મનુષ્ય સદા સુખી અને સંપન્ન જ રહે તો નિશ્ચિત રૂપથી તેની આંતરિક પ્રગતિ અટકી જશે. જે ઝટકા પ્રગતિ માટે જરૂરી છે તેને જ આપણે દુઃખ કહીએ છીએ. તેને સાચો ભક્ત કડવી ઔષધિની જેમ શિરોધાર્ય કરે છે. સનેપાતના રોગી જેવા દાક્તરને ગાળો આપે છે, એવી ભુલ સમજદાર આસ્તિક ઈશ્વર પ્રત્યે કરતો નથી.

મુશ્કેલીની સ્થિતિમાં ધીરજ ન ગુમાવવવી, માનસિક સંતુલન જાળવી રાખવું, આશા-પુરુષાર્થ ન છોડવો આસ્તિકતાનું પ્રથમ ચિન્હ છે. જેને પરમાત્મા જેવી અનંત સત્તા સાથે બેસવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, તે કોઇ પણ વ્યક્તિ યા પરિસ્થિતિથી કેમ ગભરાય ? કેમ અધીરો થાય ? કેમ નિરાશા અને કાયરતા પ્રકટ કરે ? ધૈર્ય અને સાહસનું ઝરણું તેની અંદર વહેતું રહેવું જોઇએ.

જે આસ્તિક છે તે ક્યારેય નિરાશ થતો નથી. તે માત્ર ઉજજવળ ભવિષ્ય પર વિશ્વાસ રાખે છે. અંધકાર અનાત્મ તત્ત્વ છે. આત્મ-પરાયણ વ્યક્તિની ચારેય બાજુ, પ્રકાશ-માત્ર પ્રકાશ રહેવો જોઇએ. તેને હેરાન-પરેશાન થવાની શું જરૂર ? આસ્તિકતા એટલે આત્મ-વિશ્વાસ. પરમાત્મા

પર વિશ્વાસ કરનારાને પોતાનું ભવિષ્ય સદા ઉજ્જવળ અને પ્રકાશમાન દેખાશે.

ઉપાસનાનું બીજું પ્રતિફળ છે—શ્રેષ્ઠતાઓની વૃદ્ધિ. કેમ કે પરમાત્મા સમસ્ત શ્રેષ્ઠતાઓનું કેન્દ્ર છે. તેનું સાંનિધ્ય આત્માને દિન–પ્રતિદિન વધારે ને વધારે ઉત્કૃષ્ટ બનાવે છે. ભક્તને સૌમાં પોતાનો ભગવાન દેખાય છે, તેથી તે દરેકના સદભગુણો જ જુએ છે અને તેની ચર્ચા–વિચારણા કરી પોતાનો આનંદ અને બીજાનો સદભભાવ વધારે છે. નિંદા અને ઈર્ષ્યા અસુરતાનાં બે મુખ્ય શસ્ત્રો છે. તેનો પ્રયોગ તેની પર જ કરી શકાય છે કે, જેના પ્રત્યે પારકાપણાનો, શત્રુતાનો ભાવ હોય. જ્યારે સૌ પોતાનાં જ છે તો પોતાનાંની નિંદા કેવી ? પોતાનાથી ઈર્ષ્યા કેવી ?

બુરાઇ ઓછી કરવા માટે નહિ, ભલાઇ વધારવા માટે પ્રયત્ન કરવામાં આવે છે. દુર્ગુણોને તો દૂર કરવામાં આવે, પરંતુ સદભગુણોની સ્થાપના ન થાય તો દુર્ગુણો ફરીથી આવી જાય છે. આસ્તિકનો દૃષ્ટિકોણ સત્પ્રવૃત્તિઓ વધારવાનો હોય છે, જેથી દુષ્પ્રવૃત્તિઓની કોઇ ગુંજાઇશ ન રહે. આસ્તિક પ્રેમથી દુષ્ટતાને પરાસ્ત કરશે. દુષ્ટતા કરી પ્રેમના અંકુરોને બાળી મુકવા દુર્જનોનું કામ છે.

પ્રેમ, કરૂણા, આત્મીયતા અને સૌજન્યની અજસ્ર ધારાઓ પરમાત્મામાંથી પ્રવાહિત થતી રહે છે. આ બધી વિશેષતાઓ દ્વારા જ તે પ્રાણી માત્રનું પોષણ, સંરક્ષણ, અભિવર્ધન કરે છે. આવા પ્રભુની નજીક બેસનારાઓમાં–ઉપાસના કરનારાઓમાં આ જ વિશેષતા અવતરિત થાય છે. પોતાનાં ભાઇ–બહેનો પ્રત્યે, પ્રાણી માત્ર પ્રત્યે અનંત કરૂણા અને આત્મીયતાની ભાવનાઓ ઉપાસકના અંતઃકરણમાં પેદા થાય છે. તેને ચરિતાર્થ કરી તે પોતાના જીવનને યશસ્વી બનાવે છે અને મનમાં ધારણ કરી રાખી અનંત શાંતિનો અનુભવ કરે છે.

પરમાત્માની ઉપાસનાનું પ્રતિફળ મેળવવા માટે પ્રતીક્ષા એમને જ

કરવી પડે છે કે જેઓ પુરુષાર્થ અને પ્રતિભાના મૂલ્ય પર મળનારી ભૌતિક સંપદાઓને પરમાત્મા પાસેથી મફતમાં મેળવવાની આશા રાખી ભીખારીની માફક બેસી રહે છે. જેમને પ્રેમ અને ત્યાગની ઉચ્ચ ભાવનાઓથી પ્રેરાઇને પ્રભુનાં ચરણોમાં બેસવાની આકાંક્ષા છે એમણે પોતાના પ્રિયતમનો પ્રેમ પ્રાપ્ત કરવા માટે સહેજે પ પ્રતીક્ષા કરવી પડતી નથી. ઉપાસના વાસનાની આગને શાંત કરે છે, તૃષ્ણાની જલન શાંત કરે છે. ચિંતાઓ, ભય દૂર કરે છે. ઉપાસના અને આત્મ શાંતિ એક જ વસ્તુનાં બે પાસાં છે. આત્મા પરમાત્મા તરફ ઉન્મૂખ હશે તો નિશ્ચિત રૂપથી તેને પ્રકાશ મળશે. પરમાત્માનો પ્રકાશ પડતાં આત્મા પણ પોતાના સતભ, ચિતભ, આનંદમય સ્વરૂપ સાથે પ્રકાશમાન દેખાય છે. આવા પ્રકાશમય જીવનમાં નરમાંથી નારાયણની, પુરુષમાંથી પુરુષોત્તમની, આત્મમાંથી પરમાત્માની પ્રત્યક્ષ પરિણતિ દૃષ્ટિગોચર થાય છે. તેથી ઉપાસનાને માનવ જીવનની સર્વોપરિ બુદ્ધિમત્તા માનવામાં આવી છે.

## ઉપાસનાનું વિશ્લેષણ

ઉપાસનાનું સ્વરૂપ ઈશ્વરના નામ, જપ, ધ્યાન, પૂજન, દર્શન, સ્તવન, કીર્તન વગેરેના વિધિ–વિધાનો સાથે સામે આવે છે. આ ચર્ચા વિધાનમાં જે સમય લાગે છે તેમાં આપણી ભાવનાત્મક ચેતના ઈશ્વરને સ્મરણ કરવા, એમની સમીપતા અનુભવ કરવામાં લાગેલી રહે છે. જો તે ભાવનાપૂર્વક કરવામાં આવ્યું છે તો ભજન પૂરું થયા પછી પણ આખો દિવસ તેનો અનુભવ થતો રહેશે. એકવાર દારૂ પી લીધા પછી આખો દિવસ તેનો નશો રહે છે, તે રીતે એક વાર કરવામાં આવેલી ઉપાસનાથી આખો દિવસ મનમાં ઉત્કૃષ્ટ ભાવનાઓ રહે છે અને મનુષ્ય પોતાની વિચારણા તથા કાર્ય પદ્ધતિ એવી જ બનાવે છે જેવી કે ઈશ્વરના દરબારમાં બેસનારા દરબારીને પોતાના પદ તથા સ્તરને અનુરૂપ રાખવી પડે છે. રાજાના દરબારી, મંત્રી પોતાનું પદ, ગૌરવ ઓછું થાય એવાં કામ કરતા નથી, પછી ઈશ્વરના

દરબારમાં તેની નજીકમાં રહેનારો વ્યક્તિ દુષ્કૃત્ય કરવાની ભૂલ કેવી રીતે કરે ?

ઉપાસના સ્વયંમાં ભલે કલાક અડધો કલાકનો નાનો કર્મકાંડ માત્ર હોય, પરંતુ જો તે સાચી રીતે કરવામાં આવી છે તો ભાવના સ્તર પણ પ્રભાવિત થવું જ જોઇએ. "પરમેશ્વર સર્વત્ર વ્યાપ્ત છે, કોઇ વાત તેનાથી છુપાયેલી નથી. સત્કર્મ જ તેને પ્રિય છે. ધર્મના માર્ગ પર ચાલનારાને જ તે પ્રેમ કરે છે." આટલી માન્યતા તો ઈશ્વર ભક્તમાં વિકસિત થવી જ જોઇએ. આ પ્રકારની નિષ્ઠા જેનામાં હશે તે ન તો શરીરથી દુષ્કર્મ કરશે અને મનમાં દુર્ભાવોને સ્થાન આપશે. પોલીસની સામે કોઇ ખિસ્સાકાતરુ યા ચોર ચોરી કરવાનું સાહસ કરી શકતો નથી, તે રીતે જેને ઈશ્વર સર્વવ્યાપક અને ન્યાયકારી હોવાનો વિશ્વાસ છે તે ક્યારેય ખોટા માર્ગે જશે નહિ. આસ્તિક કુકર્મી હોઇ શકે નહિ. જે કુકર્મી છે તેની આસ્તિકતાને એક વિટંબણા યા પ્રવંચના જ કહેવી જોઇએ.

**આત્મ કલ્યાણનો આધાર :-** ઈશ્વરનો દંડ અને ઉપહાર બંને અસાધારણ છે, તેથી આસ્તિકને એ વાતનું સદા ધ્યાન રહેશે કે દંડથી બચવામાં આવે અને ઉપહાર પ્રાપ્ત કરવામાં આવે. આ કામ થોડી ઘણી પૂજા, અર્ચના, જપ, ધ્યાનથી પૂરું થઇ શકતું નથી. ભાવનાઓ અને ક્રિયાઓને ઉત્કૃષ્ટતાના બીબામાં ઢાળવાથી જ આ પ્રયોજન પૂરું થઇ શકે છે. ન્યાયનિષ્ઠ જજની માફક ઈશ્વર કોઇની સાથે પક્ષપાત કરતો નથી. સ્તવન, અર્ચન દ્વારા તેને તેના નિયમ, વિધાનથી વિચલિત કરી શકાતો નથી. પોતાનું પૂજન સ્મરણ યા ગુણગાન કરનારા સાથે તે જો પક્ષપાત કરવા લાગે તો તેની ન્યાય વ્યવસ્થાની કોઇ કિંમત રહેશે નહિ. પછી તો સૃષ્ટિની બધી જ વ્યવસ્થા બગડી જશે. સૌને અનુશાસનમાં રાખનારો પરમેશ્વર પોતે પણ નિયમ વ્યવસ્થામાં બંધાએલો છે. જો તે ઉચ્છૃંખલ બનશે, અવ્યવસ્થા ફેલાવશે તો તેની આખી સૃષ્ટિમાં અરાજકતા વ્યાપી જશે, પછી

કોઇ તેને ન તો ન્યાયકારી કહેશે અને ન સમદર્શી. પછી તો તે ખુશામતખોર યા લાંચિયો કહેવાશે. જે પુરુષ તેની સ્તુતિ કરે, ભેટ ચડાવે તેના પર પ્રસન્ન થઇ જશે તો દરેક વ્યક્તિ આ જ જાળ-જંજાળમાં તેને ફસાવવાનો પ્રયત્ન કરશે, ત્યારે કઠોર કર્મની, જીવન સાધનાની, સંયમ, સદાચાર અને તપ પરમાર્થની કષ્ટ સાધ્ય પ્રક્રિયા અપનાવવાનું કોણ પસંદ કરશે ?

આપણે આસ્તિકતા તથા ઉપાસનાનો સાચો ઉદ્દેશ્ય સમજવો જોઇએ.. ભગવાનને સર્વવ્યાપક તથા ન્યાયકારી સમજીને આપણે ક્યારેય છુપી રીતે યા પ્રકટ રૂપથી અનીતિ કરવાનું સાહસ કરવું જોઇએ નહિ. ઇશ્વરના દંડથી ડરવું જોઇએ. તે માત્ર ભક્ત વત્સલ જ નહિ, ભયાનક રૂદ્ર પણ છે. તેનું રૌદ્ર રૂપ ઇશ્વરીય દંડથી દંડિત અસંખ્ય બીમાર, અશક્ત, મૂંગા, બહેરા, આંધળા, અપંગ તથા દવાખાનામાં દુઃખ-કષ્ટથી કણસતા લોકોને જોઇને સમજી શકાય છે. તેના આ સ્વરૂપને યાદ રાખવું જોઇએ. માત્ર વાંસળી વગાડનારા, રાસ રચાવનારા ઇશ્વરનું જ ધ્યાન ના રાખશો, તેનું ત્રિશૂળ-ધારી પણ એક રૂપ છે, જે અસુરતાનું દમન કરે છે. જ્યાં તે ભક્તોને પ્રેમ, ઉપહાર આપે છે, ત્યાં તે અનીતિના માર્ગે જનારાઓને દંડ પણ કરે છે. ન્યાય નિષ્ઠ જજને જે રીતે પોતાનાં સગાં સંબંધીઓ, પ્રશંસક, મિત્રોને કઠોર દંડ આપવો પડે છે, ફાંસી તથા કોરડા લગાવવની સજા આપવા માટે વિવશ થવું પડે છે, તે રીતે ઇશ્વરને પણ પોતાના ભક્ત-અભક્ત પ્રશંસક-નિંદકનો ભેદ રાખ્યા વગર તેનાં સારાં-ખોટાં કર્મોનો દંડ-પુરસ્કાર આપવો પડે છે.

ઉપાસનાનો ઉદ્દેશ્ય છે -ઇશ્વરનું સાંનિધ્ય પ્રાપ્ત કરવું. જે વ્યક્તિ જેટલો સમય પૂજા, અર્ચના, સ્તવન, જપ, ધ્યાન, કીર્તન વગેરેમાં નિરત રહે, તેટલો સમય તે એ જ અનુભવ કરે છે કે પરમાત્મા તેની પાસે છે અથવા તે પરમાત્માની નજીક છે અને તે જે કંઇ કરી રહ્યો છે તે બધું પરમાત્મા માટે જ

કરી રહ્યો છે. પરમાત્મા તેની પૂજા સ્વીકાર કરી રહ્યો છે અને તેની વિનંતી અથવા કીર્તન સાંભળી રહ્યો છે. આ રીતે ઉપાસના સમય દરમિયાન ઉપાસક ભાવનાત્મક રૂપથી પરમાત્માના સાંનિધ્યમાં રહે છે.

એમ તો પરમાત્મા અણુ–અણુમાં વ્યાપ્ત છે. ઘટ–ઘટમાં નિવાસ કરી રહ્યો છે, કોઇ પણ સ્થાન તેનાથી ખાલી નથી. દરેક જગ્યાએ તે ઉપસ્થિત છે. ઉપાસક, ઉપાસના સામગ્રી બધામાં પરમાત્મા હર ઘડી ઉપસ્થિત રહે છે. કોઇએ એવું ન માનવું જોઇએ કે ઉપાસનાના સમયે જ તે ઉપાસકની પાસે અને બાકીના સમયમાં દૂર રહે છે. આપણે ઉપાસના સિવાયનાં બીજા કામ પણ તેને સોંપી, દરેક કામ તેનું જ કામ સમજીએ અને દરેક ક્રિયાને ઉપાસના જેવી શ્રદ્ધા તથા આસ્થાથી કરીએ તો સાધારણ નિત્ય કર્મ પણ ઇશ્વરની ઉપાસનામાં બદલાઇ જશે અને વ્યક્તિને શાંતિ, સંતોષ તથા આનંદનાં પુણ્યફળ પ્રાપ્ત થશે. આ બહુ સરળ હોવા છતાં પણ ઘણી ઊંચી અને દૂરની વાત છે. જન સાધારણનો મનોવિકાસ હજી આ સ્થિતિ સુધી પહોંચી શકયો નથી.

સાચી સાધના સાથે કરવામાં આવેલી ઉપાસના તુરંત પોતાનો ચમત્કાર બતાવવા લાગે છે. સાચી ભાવના સાથે કરવામાં આવેલી થોડા સમયની ઉપાસનાનો જીવન પર સ્થાયી પ્રભાવ પડે છે. તેનાથી વિચારો ઉત્કૃષ્ટ બને છે. ઉપાસના કરી રહેલ વ્યક્તિ ગુણ, કર્મ, સ્વભાવ તથા મન, વચન, કર્મથી ઉત્કૃષ્ટ ન બને તો એ જ માનવું પડશે કે તેણે ઉપાસના કરી નથી, પરંતુ તેનું નાટક કર્યું છે.

ભજન–પૂજન અથવા જપ–કીર્તનના સમયે મનુષ્ય પોતાની પાસે, પોતના હૃદય પાસે અથવા પોતાની ચેતનામાં પરમાત્માની સમીપતા અનુભવ કરતો રહે તો એટલા સમયની એ સમીપતા આનંદ તથા ઉત્સાહના રૂપમાં આખો દિવસ અનુભવ થતી રહેશે અને એ અનુભવ જીવનમાં એટલો સ્થિર થતો જશે કે એક દિવસ એવો આવશે જયારે

મનુષ્ય પોતાની અંદર તથા બહાર પરમ પિતાને હર પળ ઓતપ્રોત અનુભવ કરશે.

આવી સ્થિતિ આવી જતાં મનુષ્યનો આત્મોદ્ધાર નિશ્ચિત છે. તેના ગુણ, કર્મ, સ્વભાવ પ્રભુના સામીપ્યથી ઉત્કૃષ્ટ બનતો જશે. સામીપ્યની સ્થાયી તથા સ્પષ્ટ અનુભૂતિ થવાથી તેને વિશ્વાસ બેસી જશે કે "પરમાત્મા સર્વત્ર વ્યાપ્ત છે, કોઇ પણ સ્થાન તેનાથી ખાલી નથી." તે અંતર્યામી તથા ઘટ ઘટની જાણનારો છે. પરમાત્માની ઉપસ્થિતિનો વિશ્વાસ થતાં પ્રથમ તો મનુષ્ય ખોટાં કામ કરશે જ નહિ અને તેમ છતાં પણ જો ધૃષ્ટતાપૂર્વક તે એવું કરે તો તેને પોતાના આ અપરાધનો કેટલો ભયંકર મળશે તેની કલ્પના કરી શકાતી નથી.

ઉપાસનાનો ઉદેશ્ય માત્ર એટલો જ છે કે તેના દ્વારા પરમાત્માનું વધારે ને વધારે સાંનિધ્ય પ્રાપ્ત કરવામાં આવે, જેથી કરીને પરમ પિતાની કૃપા મેળવી શકાય અને મુક્તિ મળી શકે.

## જીવનમાં ઉપાસનાને પણ સ્થાન મળવું જોઇએ

આસ્તિકતાની માન્યતાને સ્થિર રાખવા માટે ઉપાસનાની અનિવાર્ય આવશ્યકતા છે. સ્થૂળ વસ્તુઓ દરેક પળે આંખો આગળ ઉપસ્થિત રહે છે અને તેનો અનુભવ ઇન્દ્રિયો દ્વારા વારંવાર થતો રહે છે, પરંતુ જે સૂક્ષ્મ છે, અદૃશ્ય છે તેનું જો વિશેષ રૂપથી સ્મરણ ચિંતન ન કરવામાં આવે તો તે ભૂલાઇ જશે. ઉપયોગમાં આવનારી વસ્તુઓ પણ જો વધારે દિવસ સુધી વ્યવહારમાં ન આવે તો આપણે તેને ભૂલી જઇએ છીએ. મનુષ્યનો સ્વભાવ જ ભુલકણો છે. જો એવું ન હોત તો તેના મગજમાં જૂની એટલી સ્મૃતિઓ ભરાએલી રહેત કે નવી વાતોને સાંભળવા-સમજવાની કોઇ ગૂંજાશ જ ન રહેત.

ઇશ્વર પણ એક એવી જ અદૃશ્ય સત્તા છે, જેનો ન તો ઇન્દ્રિયો દ્વારા અનુભવ કરી શકાય છે અને ન સ્થૂળ આંખોથી જોઇ શકાય છે. આવી

દશામાં સામાન્ય રીતે લોકો તેને ભૂલી જાય છે. કહેવા ખાતર તો બધા જ ઈશ્વરને જાણે–માને છે અને તેના સંબંધમાં ઘણું વાંચે–સાંભળે પણ છે, પરંતુ એ માન્યતા ઝાંખા પડછાયાની જેમ મસ્તકના કોઇ ખૂણામાં પડી રહે છે. આટલા માત્રથી આસ્તિકતાનો ઉદ્દેશ્ય પૂરો થઇ શકતો નથી. કુવિચારોને રોકવા અને કુકર્મો પર અંકુશ રાખવા માટે ઈશ્વરની એક સ્પષ્ટ સ્મૃતિ આપણા હૃદય પટલ પર અંકિત રહેવી જોઇએ અને તેનું એવું જ ધ્યાન રાખવું જોઇએ જેવું કે આપણે આપણા ઘરમાં રહેનારાં કુટુંબીઓનું રાખીએ છીએ. તેના વગર ઈશ્વરનો ભય તથા પ્રકાશ આપણા અંતઃકરણમાં સ્થિર રહી શકશે નહિ.

આસ્તિકતાનો ઉદ્દેશ્ય ત્યારે જ પૂરો થઇ શકે છે કે જ્યારે આપણે ઈશ્વરને સહચર–સાથીના રૂપમાં અનુભવ કરીએ. કુવિચાર આવતાં જ, કુકર્મની ઇચ્છા જાગૃત થતાં જ ભગવાન આપણી સમક્ષ ધર્મોપદેશકના રૂપમાં, ન્યાયાધીશના રૂપમાં, પોલીસ અધિકારીના રૂપમાં હાજર થઇ શકે તો જ કુમાર્ગ તરફ આગળ વધતાં પગલાં અટકી શકશે. સન્માર્ગ પર ચાલવાની ઇચ્છા પ્રબળ બને અને સામે આવેલી કઠણાઇઓના કારણે મન આગળ વધવામાં ખચકાટ અનુભવે ત્યારે ભગવાનનું સ્વરૂપ ઉત્સાહ વધારનારા, પ્રેરણા આપનારા તથા સમર્થન કરનારા સાથીના રૂપમાં સામે આવવું જોઇએ. હિંમત વધારનારો કોઇ ઉત્સાહી વ્યક્તિ સાથે હોય તો મનુષ્ય ઘણું બધું કરી શકે છે. જો સન્માર્ગમાં આવતી કઠણાઇઓનો હિંમતથી સામનો કરી આગળ વધવાનું પ્રોત્સાહન ભગવાન તરફથી મળે તો મનુષ્ય શું ન કરી શકે ?

પરમાત્માનું મૂર્તિમાન રૂપ આપણી આંખો સામે વિચરતું રહે, એ અદૃશ્ય સત્તા આંખો સામે સાકાર રૂપમાં દેખાય, તો જ અધર્મનો ત્યાગ કરી ધર્મને દૃઢતાપૂર્વક પકડવો સંભવ છે. અદૃશ્ય પરમાત્માને દૃશ્ય રૂપમાં સાથી અને સહચરના રૂપમાં અનુભવ કરતા રહેવાનું મહાન કાર્ય "ઉપાસના" દ્વારા

જ પૂરું થઇ શકે છે. જપ, ધ્યાન, પૂજન, અર્ચન વગેરેનાં વિધાન એટલા માટે બનાવવામાં આવ્યાં છે કે એ આધાર પર મનુષ્ય પરમાત્માનું મનોયોગ પૂર્વક વારંવાર સ્મરણ કરે અને એ સ્મૃતિના આધાર પર પ્રભુને પોતાના નીકટવર્તી, સંબંધી, કુટુંબી, સાથી તથા સહચરના રૂપમાં હાજર રહેતો સદા અનુભવ કરતો રહે. પૂજા દ્વારા આ જ મનોવૈજ્ઞાનિક જરૂરિયાત પૂરી થઇ શકે છે. વારંવાર સ્મરણ કરવાથી બે વિખૂટાં પડેલ મન પોતાના પ્રિયને વધારે ને વધારે નજીક અનુભવ કરી શકે છે તો એવું કોઇ કારણ નથી કે પરમાત્માનું સ્મરણ કરી આવો અનુભવ ન કરી શકાય ! જો આપણે પરમાત્માને વધારે ને વધારે નજીક અનુભવ કરી શકીએ તો આપણે નિર્ભય, નિશ્ચિંત, આશાવાદી અને ઉત્સાહી રહીશું, સાથે જ પાપોથી બચી શકીશું. જેની સાથે પરમાત્મા જેવી શક્તિ છે તેને ડર કોનો ? તેને ચિંતા, ભય, શોક, નિરાશા કેમ સતાવે ? તેને પોતાનું ભવિષ્ય ઉજજવળ અને ભાગ્ય પ્રકાશપૂર્ણ કેમ ન દેખાય ? આવા વ્યક્તિ ખરાબ પરિસ્થિતિઓને ક્ષણિક તથા પોતાના સુધાર માટે પડેલી ધીમી ધોલ સમજીને સદા પ્રફુલ્લિત, સંતુષ્ટ તથા આનંદિત રહી શકે છે. જ્યારે પરમાત્મા સત્ય છે, શિવ છે, સુંદર છે તો તેના ઉપાસકનું સ્વરૂપ એવું કેમ ન હોય !

પરમાત્મા સમસ્ત સત્પ્રવૃત્તિઓનું તથા અનંત શક્તિઓનું કેન્દ્ર છે. જીવ અંતમાં વિભૂ બનવા માગતો હોય તો તેને પોતાની સામે એક આદર્શ મૂકવો પડશે. મોટી-મોટી ઇમારતો બનાવનારા એન્જિનિયર સૌથી પહેલાં તેનો નકશો યા મોડલ બનાવે છે અને એ આધાર પોતાનું નિર્માણ કાર્ય શરૂ કરે છે. આપણે આગળ વધવું હોય, આત્માને પરમાત્માના રૂપમાં, માનવને મહામાનવ, વિશ્વ માનવના રૂપમાં બદલવો હોય તો તેના માટે સામે કોઇ નકશો યા મોડલ હોવું જરૂરી છે. સત-ચિત-આનંદ સ્વરૂપ પરમાત્મા આવો જ આધાર છે, જેને ધ્યાનમાં રાખી પોતાની પ્રગતિનો કાર્યક્રમ તૈયાર કરી શકીએ છીએ. કહેવામાં આવે છે કે ભૃંગ નામની માખી કંસારીને પકડીને

પોતાના ઘરમાં લઈ જાય છે. કંસારી દરરોજ તેનું ગુંજન સાંભળે છે અને રૂપ જુએ છે, પરિણામે ધીરે-ધીરે તેનું સ્વરૂપ પણ ભૃંગ જેવું બની જાય છે. જૂનાં ધર્મ પુસ્તકોમાં આ દૃષ્ટાંત કેટલીય જગ્યાએ જોવા મળે છે. વાત કેટલા અંશે સાચી છે એ શોધનો વિષય છે, પરંતુ આત્માના સંબંધમાં આ વાત સોળ આના સાચી છે. પરમાત્માનું સાચા મનથી જેટલું વધારે ચિંતન કરવામાં આવશે, વ્યક્તિ એટલા જ પ્રમાણમાં પરમાત્માના રૂપમાં બદલાતો જાય છે. કેટલાય લોકો સાધારણમાંથી અસાધારણ બનતા જોવા મળ્યા છે. જીવનનું લક્ષ્ય આત્મોત્કર્ષ છે, તેની પૂર્તિ માટે પરમાત્માનું સ્મરણ, ચિંતન તથા ભજન-પૂજન કરવું જરૂરી છે.

## ઈશ્વર ઉપાસનાથી મહાન આધ્યાત્મિક લાભ

પાણીમાં પગ મૂકતાંની સાથે જ તે ગરમ છે કે ઠંડુ તેની ખબર પડે છે. આગ પાસે બેસનારાઓને ગરમી લાગવી સ્વાભાવિક છે. કોઈ પણ વસ્તુની સમીપતા મનુષ્યના જીવનમાં પોતાનો વિશિષ્ટ પ્રભાવ છોડે છે. ખરાબ લોકોની સોબતથી સદભગુણી વ્યક્તિ પણ તેમના જેવો બની જાય છે અને તેનું પતન થાય છે, તેથી જ સંસારમાં દરેક લોકો સારા માણસોનો સંગ શોધે છે.

ઈશ્વર ઉપાસનાનો અર્થ છે-ઈશ્વરની પાસે બેસવું. જળ, અગ્નિ અથવા વાયુની સમીપતાથી જે રીતે મનુષ્ય તુરંત તેના ગુણોનો પ્રભાવ અનુભવ કરે છે, તે રીતે પરમાત્માનું સાંનિધ્ય પ્રાપ્ત થતાં જ જીવનો વિકાસ થવા લાગે છે, તેની શક્તિઓ ખિલવા લાગે છે. એ પ્રકાશમાં મનુષ્ય સ્વયંનું માર્ગદર્શન કરે છે. એટલું જ નહિ, અન્યને પણ સન્માર્ગની પ્રેરણા આપે છે. એક ઈશ્વર આરાધકની શક્તિ પ્રચંડ સમજવામાં આવે છે, કેમ કે તે સર્વશક્તિમાન જ્યોતિમાં અંતર્નિહિત થઈ પોતે પણ તેનો ઉત્તરાધિકાર અનુભવ કરવા લાગે છે. યજુર્વેદમાં આ સંબંધમાં પ્રકાશ પાડતાં કહેવામાં આવ્યું છે-

सपर्य्याच्छक्रु कम्कायमव्रणमस्नाविर शुद्धमपापविद्धम् ।
कविर्मनीषी परिभू-स्वयंभूर्याचातथ्तोऽर्थान् व्यदधाच्छाश्पैतीभ्यः समाभ्यः ॥
–यजु. ४०।१

ક્ષ્ય ેર

જે પરમાત્મા દેવ, તેજસ્વી, નિરાકાર, વ્રણ રહિત, અલૌકિક, પાપ રહિત, કવિ, મનીષી, સર્વવ્યાપી, સર્વશક્તિમાન છે, તે આપણને પણ આ શક્તિઓથી ઓતપ્રોત કરે.

આ મંત્રમાં પરમાત્માની ઉપાસનાથી પ્રાપ્ત થતા મહાન આધ્યાત્મિક લાભોને ઈશ્વરીય ગુણોના રૂપમાં બતાવવામાં આવ્યા છે. આ ગુણ અગ્નિની ઉષ્ણતા, જળની શીતળતા સમાન છે અને જે વ્યક્તિ તેની જેટલી વધારે નજીક જાય છે, તેટલા જ પ્રમાણમાં આ ગુણો તેના જીવનમાં આવતા જાય છે અને અંતમાં તેમાં લીન થઈ જીવન-ભાવ મુક્ત થઈ જાય છે.

પરમાત્માને "શુક્રમ" અર્થાત પ્રકાશરૂપ કહેવામાં આવે છે. પ્રકાશ-તેજસ્વિતા, નિર્દોષતા તથા જ્ઞાનનું પ્રતીક છે. ઈશ્વર ઉપાસનાથી જીવાત્માનું ઉત્થાન આ જ કક્ષાથી શરૂ થાય છે. જ્યાં સુધી મનુષ્ય પોતાના જીવ ભાવમાં હતો, ત્યાં સુધી તે અજ્ઞાન ગ્રસ્ત હતો. તેને સંસારની વસ્તુ સ્થિતિનું બિલકુલ જ્ઞાન નહોતું. થોડા ઘણાં ક્ષણિક સુખોની પૂર્તિને જ તેણે પોતાના જીવનનો ઉદ્દેશ્ય સમજી લીધો હતો અને ભોગોમાં લિપ્ત હતો. આ કારણે તેનું જીવન દોષયુક્ત પણ હતું. ભોગ શારીરિક રોગ-શોક પેદા કરનારા હોય છે. તેનાથી ઈન્દ્રિઓની શક્તિ નાશ પામે છે અને મનુષ્ય ઘડપણ તથા મૃત્યુ તરફ આગળ વધે છે. ભોગોથી જ્યાં શારીરિક વ્યાધિઓ વધે છે, ત્યાં માનસિક ચિંતાઓ પણ વધે છે. આ ચિંતાઓ મનુષ્યને બંધનોમાં બાંધે છે, પરંતુ જ્યારથી પરમાત્માના શુક્રમ અર્થાત પ્રકાશ તત્વએ તેના જીવનમાં પ્રવેશ કર્યો, ત્યારથી તે સાંસારિક ભોગોની નિરર્થકતા અનુભવ કરવા લાગ્યો. હવે તેને ક્ષણિક સુખ નિરર્થક લાગે છે અને તે દૈવી પ્રકાશમાં પોતાનું જીવન

લક્ષ્ય નિર્ધારિત કરે છે. તે જુએ છે કે જ્યારે મને સુખ અને અસીમ સુખની ઈચ્છા છે તો હું આ ક્ષુદ્ર વાસનાઓ પાછળ કેમ ભટકતો ફરું ? એવા પણ પ્રશ્નો તેના જીવનમાં ઉઠે છે, જેનાથી સંસારનાં ગૂઢ રહસ્ય અને મનુષ્ય જીવનની પરલૌકિકતા તરફ વિચાર દોડવા લાગે છે. આ જ્ઞાન જ પરમાત્માનો પ્રકાશ છે. તેને જ તેની કૃપા માની શકીએ છીએ. પરમાત્માનો આ પ્રકાશ મેળવ્યા વગર મનુષ્ય જીવનનો ઉદ્ધાર સંભવ નથી.

પ્રકાશ જીવનના વિકાસની પ્રારંભિક અવસ્થા પણ છે અને અંતિમ પણ. આરંભિક એટલા માટે કે જીવની શક્તિઓનો વિસ્તાર અહિયાંથી જ શરૂ થાય છે. આ જ્ઞાનના ઉદયની સાથે જ મનુષ્ય અંતઃકરણમાં આત્મજ્ઞાનની તીવ્ર આકાંક્ષા જાગૃત થાય છે અને અંતમાં જીવન અને પ્રકાશમાં જ સમાધિ લઈ લે છે. આ પરમ લક્ષ્યની અંતિમ અવસ્થા પણ છે, તેથી વેદશાસ્ત્રોમાં જ્ઞાનના મહત્ત્વને સર્વોપરિ માનવામાં આવ્યું છે અને તેના વગર મનુષ્યને પશુ જેવો બતાવવામાં આવ્યો છે.

પરમાત્માનો બીજો ગુણ છે–અકાયમ. તે નિરાકાર છે. તેનું શરીર મનુષ્ય જેવું નથી, અર્થાત તે મનુષ્ય જેવું કાર્ય કરતો નથી. ઉપાસકના અંતઃકરણમાં આ ગુણ પણ બહુ જલદી પ્રકટ થાય છે. અર્થાત પરમાત્માનું જ્ઞાન તત્ત્વ યા પ્રાણ તત્ત્વ જ્યારે તેણે ધારણ કર્યું તો તેને સૌ પ્રથમ એ અનુભવ થયો કે અત્યાર સુધી જે શરીરને તે સંસારનાં સુખ અને અહંકારની પૂર્તિનું પ્રમુખ સાધન સમજતો હતો યા એમ કહીએ કે અત્યાર સુધી તે પોતાના શરીરને જ જીવન અને પ્રાણ સમજતો હતો, તે ખરેખર ભૂલ ભરેલું હતું. જે ઈન્દ્રિય લિપ્સાઓ અત્યાર સુધી તેને પરેશાન કરતી હતી, હવે તે સમજ્યો કે આ શારીરિક વિકૃતિઓથી તેણે પરેશાન થવું જોઈએ નહિ. આ શરીર નાશવંત છે, પંચ ભૌતિક છે, ગમે ત્યારે નષ્ટ થઈ શકે છે, તેથી તેનો સદુપયોગ કરવો જ જોઈએ.

આ ભાવનાઓના ઉદયની સાથે જ તેને પ્રાણતત્ત્વ યા શરીરમાં

પ્રતિષ્ઠિત ચેતનાનો અનુભવ થયો અને તેણે વિચાર કર્યો કે પોતાના અદૃશ્ય શરીર, પ્રાણ શરીરને મેળવવું જોઇએ. પ્રાણ શરીર નિરાકાર છે, જે ચિંતન અને વિચાર દ્વારા જ અનુભવ કરી શકાય છે. સૂક્ષ્મ ઈન્દ્રિયો જ તેને જાણી શકે છે. તેથી તેની મનોવૃત્તિઓ અંતર્મુખી થવા લાગી અને પોતાના નિરાકાર સ્વરૂપનું ચિંતન અને તેનું રહસ્ય જાણવાની ઈચ્છા કરવા લાગ્યો.

પરમાત્મા "અવ્રણમ" છે અર્થાત તેના પર કોઇ પણ પ્રકારના ઘા પડતા નથી. ઘા મનુષ્યના શરીર પર પડી શકે છે. શાસ્ત્રકારે બતાવ્યું છે–

**"નૈનં છિન્દન્તિ શાસ્ત્રાણિ નૈનં દહતિ પાવક:"**

અર્થાત–આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, આગ તેને બાળી શકતી નથી. જ્યાં સુધી મનુષ્યમાં શરીર ભાવ હતો ત્યાં સુધી સાંસારિક તાપ અને શારીરિક કષ્ટ તેને અપ્રિય લાગતાં હતાં અને દરેક ક્ષણે તે તેમનાથી છુટકારો મેળવવાનો જ પ્રયત્ન કરતો હતો, પરંતુ હવે તેણે અનુભવ કર્યો કે શારીરિક લાલસાઓ અત્યારે પણ ઈશ્વર પ્રાપ્તિના માર્ગમાં બાધક છે, તેથી તેનું ઉચ્છેદન કરવું જોઇએ. આ તપના અર્થમાં છે, તપને શારીરિક તિતીક્ષા પણ કહે છે. અર્થાત જાણીબૂજીને શરીરને કષ્ટ આપવામાં આવે છે, જેથી આત્મ–ભાવ સ્પષ્ટ થવા લાગે અને જીવન–ભાવથી મુક્તિ મળવા લાગે.

શરીરને કષ્ટ આપવાનું તાત્પર્ય એ નથી કે તેને ચપ્પાં મારવામાં આવે યા બાળવામાં આવે, પરંતુ એ તિતિક્ષાને બાળવાની છે જેનાથી લૌકિક સુખની કામના મરી જાય. નિયમિત જીવન, સ્વચ્છતા, સફાઇ, જપ, પ્રાણાયામ, ઉપવાસ વગેરે તપ કહેવામાં આવ્યાં છે. તેનો ઉદ્દેશ્ય આત્માને તપાવવાનો છે અને તેને પરમાત્મામાં મળી જાય તેટલો શુદ્ધ અને તેજસ્વી બનાવવાનો છે.

પરંતુ મનુષ્યની કેટલાય જન્મોની દમિત વાસનાઓ આટલી જલદી નષ્ટ થતી નથી. શરીર અને મનની આ સફાઇનું કામ કોઇ ગંદા નાળાને પાણી

નાખી સાફ કરવા જેવું છે. સફાઇ કરતી વખતે કેટલાય દિવસોથી જામેલી ગંદકીની દુર્ગંધ એટલી ઝડપથી ફેલાય છે કે તે આજુબાજુમાં રહેનારાઓનું મગજ દુર્ગંધથી ખરાબ કરી નાખે છે. આત્મોત્થાનનાં જુદાં જુદાં સાધનો દ્વારા પણ શરીરમાં વાસનાઓ અને લૌકિક કામનાઓની એવી ગંધ પેદા થાય છે, જે મનને ઢંઢોળી નાખે છે. થોડીવાર માટે મનને કાબૂમાં રાખવું કઠિન થઇ પડે છે. આ હલચલની પ્રક્રિયાને જ અગ્નિ દીક્ષા યા પ્રાણદીક્ષા કહેવામાં આવે છે અને એ સ્થિતિને સંભાળવા માટે કોઇ યોગ્ય તથા અનુભવી માર્ગદર્શકની આવશ્યકતા બતાવવામાં આવી છે. પરમાત્માનો "અસ્નાવિરમ" ગુણ એ વાતનો બોધ કરાવે છે કે ઉપાસક પરમાત્માની પ્રાપ્તિ માટે જ્યારે પ્રયત્ન કરે તો તે શરીરની ચંચળતાને બધી રીતે રોકે. એમ કહી શકીએ છીએ કે પરમાત્મા તરફ અચળ ભાવનાથી પ્રતિષ્ઠિત થયેલ જીવાત્મા શારીરિક ચંચળતા યા મનોવિકારોથી પ્રભાવિત થતો નથી.

પરમાત્મા નિત્ય શુદ્ધ છે. તે પોતાના ઉપાસકમાં પાપ કેવી રીતે જોઇ શકે ? દૂધમાં સ્વચ્છ પાણી જ મળી શકે છે, ગંદું પાણી તો દૂધને પણ ખરાબ કરશે. અગ્નિમાં લોખંડનો ટૂકડો નાખવામાં આવે તો તે પણ અગ્નિ જેવો જ બની જાય છે. પરમાત્મા પોતાના ભક્તનાં પાપો આ રીતે જ દૂર કરે છે. આ જ વાત ઉપાસકના સંબંધમાં પણ લાગૂ પડે છે. તે અનુભવ કરે છે કે પાપપૂર્ણ જીવન વિતાવી પરમાત્માને મેળવવો સંભવ નથી, તેવી જ રીતે જૂનાં પાપોનું ફળ ભોગવ્યા વગર પણ તેની સિદ્ધિ સંભવ નથી. આ બંને સ્થિતિઓમાં સંતુલન બેસાડી તે પરમાત્મામાં મળી જવાની યોગ્યતા પ્રાપ્ત કરવામાં લાગી જાય છે.

વિચારો–ભાવનાઓની શક્તિ પ્રચંડ માનવામાં આવે છે. પરમાત્મા મનીષી પણ છે અને કવિ પણ. કવિતા આત્માની સર્વવ્યાપકતાની અભિવ્યક્તિ છે. આત્માનો જ્યારે વિકાસ થાય છે ત્યારે તે સંસારનાં

સુખ-દુઃખમાં તે પોતાનું સુખ-દુઃખ અનુભવવા લાગે છે. આ ગુણ ઈશ્વર ઉપાસકમાં પણ એ જ રૂપમાં જાગૃત થાય છે. તેમાં પણ દયા, પ્રેમ, ત્યાગ, ઉદારતા, સદભવ્યવહાર, સહાનુભૂતિ અને કષ્ટ સહિષ્ણુતા જેવી કવિ-ભાવનાઓ જાગૃત થાય છે. પોતાના સ્વાર્થોનો ત્યાગ કરી તેને પરમાર્થમાં વિશેષ આનંદ આવવા લાગે છે. સંસારમાં જેટલા સંત, ભક્ત થયા છે એમણે મનુષ્યની સેવાને જ પરમ ધર્મ બતાવ્યો છે. આ બધું ત્યારે જ શક્ય બન્યું કે જ્યારે પરમાત્માની ઉપાસનાના ફળ સ્વરૂપે તેનામાં કવિ ગુણ, ભાવનાઓ જાગૃત થઈ. ઈતિહાસ પ્રસિદ્ધ ઘટના છે કે વાલ્મિકી, અજામિલ અને સદન જેવી કઠોર અને દુષ્ટ પ્રકૃતિની વ્યક્તિઓએ જ્યારે ઈશ્વરનું શરણું લીધું તો તેઓ એટલા સહૃદય બની ગયા કે તેમણે માવનતાની સેવામાં પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું.

વિચાર અને ભાવનાઓની ઉચ્ચ સ્થિતિએ પહોંચતાં ઉપાસક ભગવાનની "પરિભૂ" શક્તિનું રસાસ્વાદન કરે છે. ઈશ્વર સર્વવ્યાપી છે, પરિભૂ છે. સંસારના કણકણમાં તેની સત્તા સમાએલી છે. પહાડ, નદીઓ, સાગર, વૃક્ષ, વનસ્પતિ, સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્ર બધું જ તેનું બનાવેલું છે, સર્વત્ર તેનો જ પ્રકાશ ઝળહળી રહ્યો છે, કણ-કણમાં, રજ-રજમાં તે જ રમી રહ્યો છે, જળ, થળ, નભ એવું કોઈ સ્થાન નથી જ્યાં પરમાત્માનો વાસ ન હોય ! આ વિરાટ જગત તેનું જ સ્વરૂપ છે, એક-એક તણખલા પર તેની નજર છે, કોઈનો વ્યવહાર તેનાથી છુપાએલો નથી, તેની નજરમાંથી કોઈ બચી શકતું નથી, કોઈ પણ વ્યક્તિ ખોટી વાત કરે અને તે એને સાંભળી ન લે એવુ ક્યારેય સંભવ નથી. ઉપાસક પરમાત્માની સર્વવ્યાપકતાની અનુભૂતિ પ્રાપ્ત કરી આનંદ વિભોર થઈ જાય છે. પોતાની જાતને પણ એ અવિનાશી તત્ત્વમાં વિલીન થયેલી સર્વવ્યાપક સત્તાના રૂપમાં જુએ છે અને સ્વયં પણ સર્વવ્યાપક થઈ જાય છે.

પરમાત્મા સર્વશક્તિમાન છે. તેની વ્યવસ્થા ઘણી વિશાળ, ઘણી

અનોખી છે. સંસારનાં બધાં કર્મોનો તે હિસાબ રાખે છે. કર્મનું ફળ પણ તે જ આપે છે. રક્ષા, પાલન અને વિનાશ પણ તે જ કરે છે, પરંતુ તે આ બધું અલિપ્ત, નિર્વિકાર ભાવથી કર્યા કરે છે. સંસારના કલ્યાણની દૃષ્ટિથી જ તેણે પોતાની શક્તિઓ વિકસિત કરી છે અને તેનો લાભ પણ આખા સંસારને આપતો રહ્યો છે. ઈશ્વરનો પાલવ પકડનારો પણ અંતમાં પરમાત્માની આ મહાન વિભૂતિ પ્રાપ્ત કરી અલિપ્ત, નિર્વિકાર અને જીવન મુક્ત થઈ જાય છે. મનુષ્ય શરીરમાં જ તે પરમાત્માની સિદ્ધિઓ અને શક્તિઓનુ રસાસ્વાદન કરતો કરતો અંતમાં એ જ સુખ સ્વરૂપ, તેજસ્વી, દુ:ખનાશક પરમાત્માના દિવ્ય પ્રકાશમાં વિલીન થઈ જાય છે.

## ધ્યાન તથા સાંનિધ્ય

ઈશ્વરનું ધ્યાન માત્ર કોઈ છબીના રૂપમાં કરવામાં આવતું નથી, પરંતુ તેને ભાવ રૂપથી પણ ભજવામાં આવે છે. ઉચ્ચ ભાવનાઓ સ્પષ્ટ રૂપથી ઈશ્વરીય સ્થિતિનું પ્રતીક છે. જેટલો સમય મનમાં સારી ભાવનાઓ ઉત્પન્ન થાય એટલો સમય અંત:કરણમાં ઈશ્વરની ઉપસ્થિતિ માનવામાં આવશે. તેથી જ અધ્યાત્મ ગ્રંથોમાં સ્વાસ્થ્ય, આત્મનિર્માણ તથા લોક મંગળની ભાવના, આકાંક્ષાઓ, યોજનાઓમાં તન્મય રહેવું પણ ઈશ્વર ઉપાસનાનો એક પ્રકાર માનવામાં આવ્યો છે. તેથી ભજન, પૂજન વગેરેનું દૈનિક નિત્ય કર્મ દરેક આસ્તિક વ્યક્તિએ કરવું જ જોઈએ, જેથી નિરંતર પ્રભુનું સ્મરણ તથા સાંનિધ્ય લાભ મળતો રહે, પરંતુ સાથે એ પણ ધ્યાન રાખવું જોઈએ કે ઈશ્વર ભક્તિ આપણા જીવનમાં ઉત્કૃષ્ટતા તથા આદર્શવાદી ગતિવિધિઓના રૂપમાં પ્રકટ થાય. ઉપાસના એક નિશ્ચિત સમયે નિશ્ચિત વિધિ-વિધાન સાથે પૂજા-અર્ચનાની પ્રક્રિયા પૂર્ણ કરવાને કહેવામાં આવે છે. તે સાચી છે કે ખોટી તેની કસોટી એ છે કે તે ભાવના જીવન ક્રમમાં સમાવિષ્ટ થઈ સાધના બની કે નહિ. જીવનને ઉત્કૃષ્ટ બનાવવાની સાધનામાં લાગેલી વ્યક્તિને જ સફળ ઉપાસક કહી શકાય છે. ઈશ્વર મહાન

છે. તેનું સાંનિધ્ય પ્રાપ્ત કરનારો તુચ્છ, સ્વાર્થી, નિકૃષ્ટ, સ્વાર્થી રહી શકે નહિ. જે ઈશ્વરની ભક્તિ કરવા છતાં ગુણ, કર્મ, સ્વભાવ, ચરિત્ર, વ્યવહારની દૃષ્ટિથી નિકૃષ્ટ છે, સમજવું જોઇએ કે તેને ઈશ્વર ભક્તિનો સાચો માર્ગ મળ્યો નથી. અગ્નિની સમીપતા ગરમી પ્રદાન કરે છે. ઈશ્વરની સમીપતા વ્યક્તિને ઉત્કૃષ્ટ દૃષ્ટિકોણ અપનાવવા માટે વિવશ કરે છે. આપણી ઉપાસના સાચી હશે તો આ પ્રભાવ ડગલેને પગલે સ્પષ્ટ જણાશે.

**પ્રેમમાં જ પમેશ્વરઃ-**

ઉપનિષદે "રસોવૈસઃ"ની સૂક્તિમાં એ જ કહ્યું છે કે પ્રેમ જ પરમેશ્વર છે. ઈશ્વરનો ભક્ત પ્રેમી જ હોઈ શકે છે. નિષ્ઠુરતા અને સ્વાર્થપરાયણતા તેમાં રહે જ કેવી રીતે ? આજે તો ચાપલૂસી, ખુશામત અને ખુદગરજની પૂર્તિ માટે વધતી ગયેલી મીઠી ચાલાકી જ પ્રેમના નામને બદનામ કરી રહી છે. જ્યારે વાસ્તવિકતા બિલકુલ જુદી છે. પ્રેમમાં લેવાની કલ્પના પણ કરવામાં આવતી નથી, તેમાં તો માત્ર આપવાનું જ હોય છે. માતા બાળકને પ્રેમ જ કરતી રહે છે, લેવાની કલ્પના પણ કરતી નથી. પતિવ્રતા નારી પણ પોતાના પતિને જ્યારે આત્મસમર્પણ કરે છે, ત્યારે તેનું પ્રતિફળ માગતી નથી. જો તેનામાં બદલાની ભાવના હોય તો તે પતિવ્રતા નહિ, પણ વેશ્યા કહેવાશે. ઈશ્વરને પ્રેમ કરી આપણે ઈશ્વર પર કોઇ અહેસાન કરતા નથી, પરંતુ પોતાની પ્રેમ ભાવનાને, ત્યાગ વૃત્તિને વિસ્તૃત, વ્યાપક બનાવવાનો જ અભ્યાસ કરીએ છીએ. આ માર્ગ પર ચાલવાથી જ કલ્યાણ થાય છે.

ઈશ્વર દેખાતો નથી અને ન પ્રેમનો કોઇ પ્રત્યુત્તર મળે છે, છતાં પણ આપણે પ્રેમ કરવાનું ચાલુ રાખવું જોઇએ.

સાધના આપણને વ્યાવહારિક જીવનમાં એ વાતનો અભ્યાસ કરાવે છે કે બીજા લોકો આપણી સેવા, ઉદારતા તથા સદભાવનાની પ્રશંસા ન કરે તો પણ આપણે પોતાનું સેવા કાર્ય ચાલુ જ રાખવું જોઇએ. આપણે

સાચા પ્રેમી બનીએ. ઈશ્વર પાસેથી કંઇ માગીએ નહિ. એણે જે આપ્યું છે તે શું ઓછું છે ? તેણે દેવદુર્લભ માનવ શરીર આપીને એટલું મોટું અનુદાન આપ્યું છે કે આપણે તેનું ઋણ ચૂકવી શકીએ તેમ નથી. આ શરીર અને મન એટલાં સમર્થ છે કે જો તેનો સદુપયોગ કરી લેવામાં આવે તો સાંસારિક દરેક પ્રયોજન સરળતાથી પૂરાં થઇ શકે છે. આપણે આટલા સમર્થ હોવા છતાં ઈશ્વર પાસે નાના-મોટા કામો યા વસ્તુઓ માટે માગણીઓ મૂકીએ અને પૂરી ન થતાં તેને ગાળો દઇએ તો તે ઉતરતી કોટિનું બાળપણું કહેવાશે.

## અંતરાત્માની સાચી પ્રાર્થના

પ્રાર્થના મનુષ્ય જીવનનો ધ્રુવ તારો છે. તેને નિત્ય કર્મોમાં પણ સૌથી વધારે જરૂરી સમજવી જોઇએ અને શરીર નિર્વાહનાં અન્ય કાર્યોની ઉપેક્ષા કરીને પણ પ્રાર્થનાને પ્રમુખતા આપવી જોઇએ. ભોજન ન મળવાથી તો શરીરને ભૂખ્યું રહેવું પડશે, પરંતુ પ્રાર્થના વગર તો આત્માની પ્રગતિ જ રોકાઇ જશે. આપણે શરીર નહિ, આત્મા છીએ. તેથી શરીરની ઉપેક્ષા કરીને પણ આત્માની જરૂરિયાતોને પ્રમુખતા મળવી જોઇએ. શરીરની શુદ્ધિ માટે સ્નાન અને વસ્ત્રોની સફાઇ માટે સાબુ જેટલો જરૂરી છે, તેનાથી ય વધારે ઉપયોગિતા આત્મિક શુદ્ધિ માટે પ્રાર્થનાની છે. તેમાં ન તો આળસ કરવી જોઇએ અને ન પ્રમાદ. પ્રાર્થનાની ઉપેક્ષા જીવનના સર્વોત્તમ પદાર્થનો તિરસ્કાર કરવા જેવી ભૂલ છે. આ ભૂલ માટે જેટલો પશ્ચાતાપ કરવો પડે છે, તેટલો કોઇ માટે નહિ.

નિશ્ચિત સમયે શરીર, કપડાં, જગ્યાની સફાઇ કરી પૂજા થઇ શકે તો સર્વોત્તમ છે, પરંતુ કોઇ કારણસર આવું ન થઇ શકે તો સવારે આંખ ખુલવાથી માંડીને પથારી છોડવા સુધીનો જે સમય મળે છે, તેમાં પૂર્વ સંધ્યા અને રાત્રે સુતી વખતે ઊંઘ આવતા પહેલાં જે સમય મળે છે તેમાં ઉત્તર સંધ્યા કરી શકાય છે. આટલી સુવિધા તો દરેક વ્યક્તિને મળે જ છે. પ્રાર્થના

માટે આ સમય સર્વોત્તમ છે. નિયમિત ઉપાસના કરનારાઓની ભાવ પ્રાર્થના તો આ સમયે થવી જ જોઇએ. માનસિક ઉપાસના કોઇ પણ પ્રકારનાં પૂજા ઉપકરણ તથા શુદ્ધિ વગર પથારીમાં પડયા-પડયા પણ મનોભાવ, શ્રદ્ધા, વિશ્વાસ તથા ધ્યાન-ધારણાના આધાર પર પણ થઇ શકે છે. માનસિક ઉપાસના તો દરેક વ્યક્તિએ નિયમિત રૂપથી ફરજિયાત કરવી જ જોઇએ. વિધિવત ઉપાસના જેમનાથી થઇ શકે તેઓ તેને પણ ચાલુ રાખે.

પ્રાર્થનામાં ભાવનાનું મુખ્ય સ્થાન છે. ભાવના જેટલી સાચી, ઊંડી અને શ્રદ્ધાપૂર્ણ હશે, તેટલું જ તેનું સત્પરિણામ મળશે, તેથી શબ્દોના રટણની ચિન્હ પૂજા નહિ, પરંતુ શ્રદ્ધા સાથે પ્રાર્થનાની ભાવનાઓને અંતઃકરણમાં આંદોલિત કરવી જોઇએ. બે નજીકના મિત્રો જે રીતે ખુલ્લા હૃદયે વાતચીત કરે છે તે રીતે ભગવાનને પોતના અંતઃકરણમાં બેઠેલોઅનુભવ કરી તેની આગળ પોતાના મનોભાવો રજૂ કરવા જોઇએ. ભગવાન આપણા રોમ-રોમમાં સમાએલો છે, હૃદયમાં તેની જ ધડકન અને લોહીમાં તેની જ ગરમી કામ કરી રહી છે. પ્રાણ ચેતના અને ભાવનાના રૂપમાં તે જ તો પૂરક શક્તિ બનીને બેઠો છે. આવા અભિન્ન હૃદય મિત્ર, સ્વજન, સ્નેહી સાથે દિલ ખોલીને વાત કરવામાં સંકોચ કેમ કરવો જોઇએ ? તેની સાથે ખુલ્લા મનથી વાત કરવામાં ડર કઇ વાતનો ? જો ભાવનાપૂર્વક પ્રાર્થના કરવામાં આવે તો તે કોઇ પણ પ્રકારનાં પૂજા સાધનો વગર એટલી જ પ્રભાવશાળી થઇ શકે છે, જેટલી કે વિધિ-વિધાન સાથે કરવામાં આવેલા પૂજા-પાઠની નિયમિત આરાધના.

ભગવાન પાસે ભાવનાનું મહત્ત્વ સર્વોપરિ છે. મોટા કર્મકાંડ પણ જો અશ્રદ્ધા સાથે ચિન્હ પૂજાની જેમ ભાર ઉતારવા માટે કરવામાં આવ્યા છે તો તેનું ફળ ભાવનાપૂર્વક કરવામાં આવેલી ઉપાસનાથી ઓછું જ મળશે. નિયમિત ઉપાસનાનું મહત્ત્વ ઓછું કરવાની વાત કોઇ પણ સ્થિતિમાં

કોઇએ વિચારવી જોઇએ નહિ. અહિયાં એવું કહેવામાં આવી રહ્યું નથી કે નિયમિત વિધિવત સાધના બંધ કરી માત્ર ધ્યાન–પ્રાર્થના જ કરવામાં આવે. આ તો નુકસાનનો સોદો થશે. નિયમિત સાધનાનું સ્વયંમા અલગ મહત્ત્વ છે. તેનાથી એક પ્રકારનો યોગાભ્યાસ થાય છે. આપણા ઘરમાં પૂજા, આરતી, ભોગ, પ્રસાદ, તપ, પાઠ, ધ્યાનના કાર્યક્રમ ચાલતા જ રહેવા જોઇએ. આ ભાવ–ધ્યાનનો અભ્યાસ સવારે–સાંજે સૂતાં–ઉઠતાં કરવો જ જોઇએ, બીજા સમયે પણ આ અભ્યાસ કરવો હોય તો કરી શકાય છે.

## આપણે પ્રાર્થના કરીએ

હે ભગવાન ! આપ સર્વત્ર સમએલા છો, કોઇ જગ્યા એવી નથી કે જ્યાં આપનો વાસ ન હોય. જડ ચેતનમાં આપની જ સત્તા પ્રકાશમાન થઇ રહી છે. અન્ય પ્રાણીઓની જેમ આપ મારા કણ–કણમાં પણ સમાએલા છો. આ સંસારમાં જે કંઇ થઇ રહ્યું છે, તેનાથી આપ પરિચિત છો. અંતઃકરણોમાં સૌની ભાવનાઓમાં આપ બેઠેલા છો. મારી દરેક ગતિવિધિ અને ભાવના વિચારણાથી આપ સારી રીતે પરિચિત છો. આ વિશ્વમાં એવું કંઇ જ નથી, જે આપનાથી છુપું હોય. આપ નિષ્પક્ષ અને ન્યાયકારી છો. આપને દરેક મનુષ્ય, દરેક પ્રાણી સમાન રૂપથી પ્રિય છે. આપ સૌના પિતા છો. તેથી દરેક પ્રાણી આપને સમાન રૂપથી પુત્રવત પ્રિય હોવાં સ્વાભાવિક છે. આપ સૌના પર પ્રસન્ન છો તથા સૌને પ્રેમ કરો છો. સૌની પર કરૂણા વરસાવો છો. સંસારની સુવ્યવસ્થા માટે ન્યાય તુલાનું તમોએ જે પુણ્ય વિધાન બનાવ્યું છે, તે સૌના હિતનું હોવાથી દરેક પ્રકારથી ઉચિત અને ઉપયુક્ત છે. આપ ન્યાયનું રક્ષણ કરવામાં સ્હેજ પણ વિચલિત થતા નથી. કોઇની સાથે પક્ષપાત કરતા નથી, કર્મફળ અનુસાર દરેકને દુઃખ–સુખનો ઉચિત દંડ–પુરસ્કાર આપો છો, તેમાં આપની કરૂણા, ન્યાયશીલતા અને નિષ્પક્ષતા જ

સમાએલી છે.

સત્કર્મ જ આપની સૌથી મોટી પૂજા છે. સદભભાવનાઓનાં પુણ્ય જ આપને પ્રિય છે. સદભવિચારોમાં જ આપની સાચી ભક્તિની પ્રતીતિ થાય છે. આપના બનાવેલા નિયમોનું કર્તવ્ય નિષ્ઠ થઇ જે દૃઢતાપૂર્વક પાલન કરે છે, લોભ, ભયથી વિચલિત થઇ જે પોતાના કર્તવ્યનો ત્યાગ કરતા નથી તેના સદાચાર રૂપી ભજનને જ આપ માની લો છો. આવું ભજન કરનારો ભક્ત જ આપની વિશેષ કૃપાનો અધિકારી બને છે.

બીજાંને સતાવનારો યા ઠગનારો વસ્તુતઃ પોતાની જાતને જ સતાવે છે, ઠગે છે. કારણ કે આપ જ સૌમાં વિદ્યમાન હોવાના કારણે એ અનાચારના શિકાર બનો છો. પ્રાણીઓ પ્રત્યે સદભાવના રાખવી અને સદવ્યવહાર કરવો આપની જ અર્ચના–વંદના કરવા સમાન છે. પોતાના પુત્રો સાથે સજજનતાનો વ્યવહાર કરતા જોઇને જ આપ કોઇને પોતાનો ભક્ત માનો છો. તે ઉચિત પણ છે.

કર્તવ્ય પાલનમાં પહાડની જેમ અડગ રહેનાર વ્યક્તિ આપને પરમ પ્રિય છે. પ્રલોભનો, અસંયમમાં પડીને પણ જે પોતાના શીલને સુરક્ષિત રાખે છે તે આત્મવિજેતાથી આપ પ્રસન્ન રહો છો. જે પાપ સિવાય બીજા કશાયથી ડરતો નથી એ નિર્ભયને આપ પ્રેમ કરો છો. આપત્તિઓથી જે ગભરાતો નથી, ચિંતા, નિરાશા, ક્ષોભ જેને સતાવતા નથી, એ સજજન અને સંતુલિત વ્યક્તિ પર આપની અનુકંપા સહજ વરસે છે.

આપ સત્ય છો, આપ શિવ છો, આપ સુંદર છો. જે આપને અંતરાત્મામાં ધારણ કરે છે. તેની સત્પ્રવૃત્તિઓ સત્યથી પ્રેરિત હોય છે, તે શિવ કલ્યાણકારક કાર્ય કરે છે અને તેની બધી જ ઇચ્છાઓ સુંદર દેખાય છે. આપ દિવ્ય છો. આપને પ્રેમ કરનારો દિવ્ય ગુણોવાળો દેવતા બને છે. આપ પ્રેમ છો. આપનાં કિરણો જેની અંદર પ્રતિભાસિત થશે, તે

આપને પ્રેમની, મૈત્રીની, આત્મીયતાની તથા ઉદારતાની નજરે જોશે. બીજાંના સુખ-દુ:ખમાં તેને પોતાનાં જ સુખ-દુ:ખ જેવી સારી-ખોટી અનુભૂતિ થશે.

*

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.